૧૧૭
C

દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા •



1600084

# કહેવતોનાં મૂળ

સંપાદન: ગિજુભાઈ • તારાબેન



સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# કહેવતોનાં મૂળ

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ ૭
૧૫૯
બાલમંદિર

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ગાંધી માર્ગ, અમદાવાદ-૧

© પ્રકાશકનાં

મુદ્રણ છઠ્ઠું :
ફેબ્રુઆરી ૧૯૬૬

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦-૦૦]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા
પુસ્તક ૨૨મું

## અનુક્રમ

રાઈના પાડ તો રાતે ગયા . ૩
આખા ગામનું ખાડું . . ૯
ભેંશ ભાગોળે . . . ૧૩
વોરાભાઈનું નાડું . . . ૧૬
કોળીભાઈનું ઉંદું . . . ૧૮
વાવડી ચસકી . . . ૨૧
ગદ્ધાપૂછ . . . . . ૨૪
દાઢીના દોઢસો . . . ૨૮
દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય ૩૦

# કહેવતોનાં મૂળ

## રાઈના પાડ તો રાતે ગયા.

એક હતો વાણિયો. નાનો સરખો વેપાર કરે ને ખરચ કાઢે.

એક વાર રાતે ચોર આવ્યા. ખડખડાટ થયો ને વાણિયો જાગી ઊઠ્યો.

પાડ=ભાવ

મનમાં કહે: "માળું, કાકા આવ્યા છે તે જરૂર પાંચપચીશનું લઈ જશે. હવે શું થાય? વાણિયાથી કાંઈ સામે થવાશે?"

વાણિયો કહે: "અલી એ! સાંભળે છે કે?"

વાણિયણ હતી ઊંઘમાં. તે કહે: "હવે સાંભળે છે સાંભળે છે શું કરો છો? જરા સખે ઊંઘવા તો દ્યો!"

વાણિયો કહે: "પણ સાંભળે છે કે?"

વાણિયણ કહે: "હવે સૂવા દ્યો ને?"

વાણિયો કહે: "પણ વેપારની વાત કરવી છે; બહુ કામની છે. ન સાંભળ તો મારા સમ."

વાણિયણ કહે: "લ્યો, કહો જોઈએ?"

બોલાચાલો સાંભળીને ચોર ખંચાઈને ઊભા રહ્યા.

વાણિયો કહે: "એ તો એમ છે કે કાલે રાઈના ભાવ ચડી જવાના છે; રૂપિયાની શેર શેર વેચવાની છે."

ખંચાવું=અચકાવું

વાણિયણ કહે: "હં! રૂપિયાની શેર? ત્યારે તો ખૂબ કમાશું."

વાણિયો કહે: "પણ રાઈ રાખી છે ક્યાં? ક્યાંઈક ચોર આવીને લઈ ન જાય!"

વાણિયણ કહે: "એ પણે અગાશીમાં પડી. અત્યારે તે કયો ચોર આવતો'તો?"

વાણિયો કહે: "પણ...."

વાણિયણ કહે: "હવે પણ ને બણ. ઊંઘવા દ્યો ને? ત્યાં રાઈ કોણ લઈ જતું'તું?"

ચોરોએ વાત સાંભળી લીધી. તેઓ કહે: "અલ્યા, આ તો ભારે શુકન પાક્યા! ઘર તોડવું મટ્યું ને જોખમ ખેડવું મટ્યું. આ રહી પણે અગાશી. બાંધો સૌ રાઈના પોટલે-પોટલાં."

ચોરોએ તો રાઈનાં પોટલાં બાંધ્યાં ને માથે ઉપાડીને ચાલ્યા.

વાણિયો મનમાં કહે: "હવે થશે કાલે જોયા જેવી!"

ચોર ગયા એટલે વાણિયો પાછો કહે: "સાંભળ્યું કે?"

વાણિયણ કહે: "શું છે? હવે ઘડીક તો સૂવો ને સૂવા દ્યો?"

વાણિયો કહે: "પણ આલી રાઈ તો ચોર લઈ ગયા!"

વાણિયણ કહે: "હેં! લઈ ગયા? ત્યારે કાલે શું કમાશું? વોયવોય, ખોટું થયું! મને જગાડી નહિ ને? હું રાઈ લઈ લેત."

વાણિયો કહે: "લે હવે ડાહી થા મા; સૂઈ જા. એ તો જાણી જોઈને કહ્યું હતું. પેલા આવ્યા હતા કાળા મોઢાના, ચોરી કરવા. આ ખોટું ખોટું અડાવ્યું એટલે એ તો રાઈ લઈને જ ભાગ્યા!"

સવાર પડી ને વાણિયે દુકાન ઉઘાડી. આઠ-નવા વાગ્યા ત્યાં એક જણ રાઈના ભાવ પૂછવા આવ્યો: "શેઠ! રાઈના ભાવ?"

"પાંચ રૂપિયે મણ."

બીજો જણ પૂછવા આવ્યો: "શેઠ! રાઈના

શા ભાવ?"

"ભાઈ! પાંચ રૂપિયે મણ."

ત્રીજો જણ આવ્યો અને ભાવ પૂછ્યો: "શેઠ! રાઈના ભાવ?"

"એ ભાઈ! પાંચ રૂપિયા મણના."

ચોથો જણ આવ્યો અને ભાવ પૂછ્યા.

શેઠ કહે: "રાઈ તો લાવો. વળી સારી જાત હશે તો કાંઈક ભાવ વધારે આપશું."

ચોરો તો બધા વિચારમાં પડી ગયેલા: "અરે, આજે તો રૂપિયે શેર રાઈ વેચવાની હતી ને આ શું થયું? ચાલો આપણે રાઈ જ બતાવીએ. નમૂનો જોઈને ભાવ થશે."

ચોરો તો રાઈના પોટલાં લઈને વાણિયાને દુકાને આવ્યા ને રાઈ બતાવી ભાવ પૂછ્યો.

વાણિયો કહે: "આ રાઈ તો હલકી છે. મણના ચાર રૂપિયા મળશે."

એક ચોર કહે: "અરે શેઠ! બોલો છો શું? આજ તો રાઈના ભાવ ઊંચા છે. આ રાઈ તો રૂપિયે શેરની છે. રૂપિયે જોઈતી હોય

તો રાખો નીકર બીજે હાટે જશું.”

વાણિયો ઠાવકાઈથી કહે: “ભાઈ! રાઈના પાડ તો રાતે ગયા! પણ ઊભા રહો, હવે જશો ક્યાં? કાકાની રાઈ રાતે લઈ ગયા છો, તે બાપનો માલ હશે!”

વાણિયે સિપાઈઓને બોલાવી ચોરોને પકડાવ્યા ને માલ હાથ કર્યો.

# આખા ગામનું ખાડું

એક ગામડું ગામ હતું. એમાં ભવાયા રમવા આવ્યા. રાત પડી ને ભૂંગળું વાગ્યું. ગામ આખું ભવાઈ જોવા આવ્યું. સૌ ખાટલા ઢાળીને ભવાઈ જોવા બેઠા. ગામના શેઠ રઘા શેઠ પણ આવેલા. વેશ આવવા માંડ્યા—

"તા થૈ થૈ થૈ; તા થૈ થૈ થૈ!"

ગણેશનો વેશ આવ્યો.

"દુંદાળો દુ:ખભંજણો ને સાદા ય બાળે વેશ;
પ્રથમ પહેલાં સમરીએ, ગૌરીપુત્ર ગણેશ.
તા થૈ થૈ થૈ; તા થૈ થૈ થૈ."

ગણેશનો વેશ ગયો ને બીજો વેશ આવ્યો: મિયાં અને બીબીનો. મિયાંબીબીનો વેશ ગયો ને કાબાનો વેશ આવ્યો.

"કાબો મારો કોણે માર્યો રે,
માણીગર કોણે માર્યો રે."

ખાડું=ભેંશનું ટોળું　　　　માણીગર=રસિક

મધરાત થઈ ગઈ અને સારા સારા વેશ આવવા માંડ્યા.

કેરબાનો વેશ આવ્યો. નાચ જોઈ જોવા-વાળાઓ ખુશીખુશી થવા લાગ્યા ને કાંઈ ને કાંઈ ભેટ આપવા લાગ્યા. કોઈએ રૂપિયો ફેંક્યો, કોઈએ પાઘડી નાખી, કોઈએ ચૂંદડી ફેંકી.

રઘાશેઠને ય મન થઈ આવ્યું. હતા તો શેઠ પાકા વાણિયા; પણ કોણ જાણે કેમ, મન થઈ આવ્યું. તે કહે : "એ....રઘાશેઠ એક ભેંશ આપે છે."

ભવાયાએ તો પંપૂડાં વગાડ્યાં ને 'તા થૈ થૈ થૈ. તા થૈ થૈ થૈ!' કહીને રઘાશેઠનાં વખાણ કર્યાં : "ભલ્યે ભલ્યે ભલ્યે; રઘાશેઠની ભલ્યે!"

ભેંશ આપતાં તો અપાઈ ગઈ, પણ રઘા-શેઠ વિચારમાં પડી ગયા.

વેશ બદલાયો અને ઝંડાનો વેશ આવ્યો. એવો સરસ ઝંડો થયેલો કે વાત કરો મા.

જોવાવાળા તો ભારે ખુશીખુશી થઇ ગયા.

---

કેરબો=એક જાતનો નાચ

વાણિયે પણ ખુશીખુશી થયાનો ડોળ કર્યો.

મનમાં કહે: "માળું! આ ખોટું થયું. એમાં કાંઈ ભેંશ આપી દેવાય? આ તો બધા કાલા છે તે આપી દે છે, પણ હું તો વાણિયો છું. ઠીક છે, હવે ફેરવી બાંધીએ."

ફરી બધા બક્ષિશો આપવા માંડ્યાં એટલે રઘાશેઠ કહે: "એ....મારી બે ભેંશ."

ભવાયા કહે: "ભલ્યે ભલ્યે ભલ્યે; રઘા-શેઠની ભલ્યે! તા થૈ થૈ થૈ!"

ત્યાં તો રઘાશેઠ કહે: "ત્રણ ભેંશ."

વળી ભવાયાઓએ વખાણ કર્યાં ને પંપૂડાં વગાડ્યાં.

થોડી વાર થઈ એટલે રઘાશેઠ કહે: "એ.... પાંચ ભેંશ."

લોકો તો વાહ વાહ કરવા માંડ્યાં. રઘા-શેઠ તો ખુશી ખુશી થતા જાય ને કહેતા જાય: "દસ ભેંશ, વીશ ભેંશ, પચાસ ભેંશ...."

વેશ તો ચડતો ને ચડતો જ ગયો.

---

કાલા=અણુસમજુ; બાલિશ

ભવાયાઓએ ભૂંગળાં વગાડવા જ માંડ્યાં: "તા થૈ થૈ થૈ! ભલ્યે ભલ્યે ભલ્યે!"

છેવટે રઘાશેઠ કહે: "એ આખા ગામનું ખાડું આપ્યું!"

બધા રઘા સામે જોઈ રહ્યા. "અરે! શેઠ તે આ શું બોલે છે?"

એક જણ કહે: "અને શેઠ! તમારાથી તે કાં આખા ગામનું ખાડું અપાતું હશે? તમે કાંઈ ઘેલા થયા છો?"

શેઠ કહે: "ઘેલા નહિ તો બીજું શું? આખા ગામનું ખાડું ન અપાય તો વળી એક જ ભેંશ અપાતી હશે? તો તો પછી કાંઈ ન અપાય. જાઓ ત્યારે, કાંઈ નથી આપતો."

એમ કહી વાણિયાભાઈ ખસી ગયા.

તે દિવસથી આ કહેવત પડી: "આખા ગામનું ખાડું આપ્યું."

# ભેંશ ભાગોળે

ગામડું એવું ગામ હતું.

એક વાર પાદરે ભેંશો વેચાવા આવી. ગામના પટેલને થયું કે એક ભેંશ હું લઉં.

જઈને પટલાણીને કહે: "સાંભળ્યું કે આપણે એક ભેંશ લેવી છે. આપણે ભેંશ હોય તો સારું. છોકરાંછૈયાંને દૂધ મળે; બાકી મેળવીએ એનું દહીં થાય, ઘી થાય; ને છાશ થાય તે આડોશીપાડોશીને અપાય."

પટલાણી કહે: "એ બધું તો ઠીક, પણ જાડીરેડ જેવી છાશ તો હું મારાં પિયરિયાંને જ આપીશ."

"તે એકલાં તારાં પિયરિયાં જ સગાં, ને મારાં સગાં તો કાંઈ નહિ, કાં? એમ છાશ નહિ અપાય."

ભાગોળ=પાદર

પટલાણી કહે : "નહિ કેમ અપાય? અપાશે. ઘર તો મારું ય છે ને? ને ભેંશ તો મારી યે તે, ને તમારી યે તે. બહુ બહુ તો દૂધ તમારાં સગાંને, પણ છાશ મારાં પિયરિયાંને."

પટેલ કહે : "છે ડંભો!"

પટલાણી કહે : "તમારાંને જ આપો."

આમ કરતાં વાત વધી પડી ને પટેલ–પટલાણી લડી પડ્યાં!

એક તો પટેલ ને એમાં વઢવાડ થઈ. પછી જોઈ લ્યો! પરોણી લઈને પટેલે પટલાણીને સબોડી જ નાખ્યાં! ઘરમાં હો હો થઈ રહ્યું.

આડોશીપાડોશી દોડી આવ્યાં.

"છે શું પટેલ! આ શું માંડ્યું છે?"

પટલાણી કહે : "જુઓ તો બાપુ! આ વાંસામાં સોળ ઊઠ્યાં છે તે! પટેલના કાંઈ હાથ છે!"

પટેલ કહે : "તે કો'કની જીભ ચાલે ને કો'કનો હાથ ચાલે."

"પણ છે શું? કજિયો શાનો છે?"

"એ તો છાશનો છે. આ પટેલ કે'છે કે છાશ તારાં પિયરિયાંને નહિ. તે નહિ શું કામ? દૂધ ભલે ને એનાં ખાય; મારાં પિયરિયાં સુધી છાશે નહિ? એ મારે નહિ ચાલે!"

ત્યાં તો પાછા પટેલ ખિજાયા ને પરોણી લઈને દોડયા.

પાડોશમાં એક ઠાવકો વાણિયો હતો. તેણે વિચાર્યું : "અરે, આ ભેંશ તો ભાગોળે છે ને આ ધમરોળ શાના?"

વાણિયો હતો યુક્તિવાળો. જઈને કહે : "પટેલ, પટેલ! વઢવાડ શું કરો છો? આ તમારી ભેંશે શિંગડું મારીને મારી વંડી પાડી નાખી તે ચણાવી આપો. ઢોર રઝળતાં મૂકતાં શરમાતા નથી?"

પટેલ કહે : "ભેંશ વળી કોને હતી?"

વાણિયો કહે : "ત્યારે કઈ ભેંશની છાશ સારુ લડો છો?"

પટેલ-પટલાણી શરમાઈ ગયાં ને છાનાં-માનાં કામે લાગ્યાં.

# વોરાભાઈનું નાડું

ધીમે ધીમે એક ગાડું ચાલ્યું જતું હતું. ગાડામાં રૂનું મોટું જબરું ધોકડું હતું. વાંસે એક વોરાજી ચાલ્યા આવે. બપોર તપેલા ને માથે સૂરજ આવેલો. વોરાજી તો લાલ લાલ ચોળ થઈ ગયેલા. ચાલવાની ઘણી મહેનત કરે પણ ચલાય નહિ.

વોરાના મનમાં થયું : "લાવ ને, બેસારે તો આ ધોકડા પર જ બેસું ? માથે તડકો પડે તો છો પડતો. પગે ચાલવાનું તો મટશે !"

વોરાજી કહે : "એ ગાડાવાલા ! ધોકડા પર બેસવા દઈસ કે ? કેટલાં દોઢિયાં લેવાનો ?"

ગાડાવાળો કહે : "બેસવા તો દઉં, પણ વોરાજી ! રસ્તો ખરાબ છે."

વોરાજી કહે : "તે સું થિયું ? ધિયાન રાખીને બેસીશું."

ગાડાવાળો કહે : "ઠીક, બેસો ત્યારે. ચાર પૈસા આપજો."

નાડું = રાંધવું; નાડી

વોરાજી તો ઘોકડે ચડીને બેઠા. ગાડું આમ આમ ચીલામાં દડતું જાય ને વોરાજી ડોલતા જાય. વોરાજી મલકાયા : "ઠીક થિયું."

એટલામાં એક ઢાળ આવ્યો. ગાડાવાળો કહે : "એ વોરાજી ! ઢાળ આવે છે; જરા નાડું પકડી રાખજો. જોજો, બરાબર પકડજો, નહિ તો ઊલળી પડશે."

વોરાજી કહે : "એ પકડું છું, બરાબર પકડું છું. તમે ફકર નહિ કરો."

ઢાળે ગાડું દડયું ને વોરાજી ઊલળીને હેઠે પડયા. પટેલ કહે : "નો'તું કહ્યું કે નાડું બરાબર પકડજો ?"

વોરાજી ચોરણીની નાડી બતાવીને કહે : "તે હજુ તો પકડયું છે. આ પકડયું; બરાબર જોરથી પકડયું છે !"

પટેલ કહે : "અરે વોરાજી ! એ ચોરણીનું નહિ; મેં તો પેલા ઘોકડા ઉપરનું કહેલું."

ત્યારથી 'વોરાભાઈનું નાડું' કહેવાયું.

## કોળીભાઈનું ઉંહું

એક હતા કોળીભાઈ. તે ચાલ્યા પરણવા. પગમાં તોડો, હાથમાં તલવાર, ખભે ઉપરણી ને માથે મોળિયું.

કોળીભાઈ પરણવા બેઠા.

એક તો આગે કોળીભાઈ; એમાં આવેલ પરણવા! ટટ્ટાર થઈને બેઠા; હલે કે ચલે. એમાં રાત શિયાળાની ને ટાઢ કહે મારું કામ.

ફળિયા વચ્ચે ચોરી. કોળીભાઈ ત્યાં બેઠા બેઠા પરણે.

કોઈ કહે : "અરે વરરાજા! આ ધાબળો ઓઢશો કે? ટાઢ પડે છે."

વર કહે : "ઉંહું."

મનમાં એમ કે વર થઈને ટાઢ વાય છે એમ કહેવાય? તો તો વરની આબરૂ જાય ના?

---

મોળિયું=કસબી ફેંટો અથવા પાઘડી

મા આવી : "દીકરા ! આ ગોદડી ઓઢ જોઈએ ?"

વર કહે : "ઉંહું."

બાપ કહે : "જસા ! આ મારી પછેડી ઓઢીશ ? લે ઓઢાડું"

વર કહે : "ઉંહું"

જસાનો ભાઈ કહે : "જસાભાઈ ! આ મારું ખેશિયું ઓઢાડું ?"

વર કહે : "ઉંહું."

ભાઈબંધ કહે : "એલા ટાઢથી ઠૂંઠવાઈ જઈશ. લે કંઈક લઈ આવું ને ઓઢાડું."

વર કહે : "ઉંહું."

રાત વધતી ગઈ અને ટાઢ પડતી ગઈ.

કન્યા તો ઓઢી પહેરીને બેઠેલી; ઉપર માએ ધાબળો ઓઢાડ્યો. જસોભાઈ ટાઢે ઠરે !

પણ એ તો અક્કડ ને અક્કડ બેઠા તે બેઠા; એનું ઉંહું અણઉંહું થાય તો કે ?

ઘણું મનમાં થાય કે ઓઢાય તો ટાઢ

ખેશિયું=નાનો ખેસ; ઉપરણી

ન વાય; પણ ઉંહું કહ્યું એનું શું? ના પાડી એનું શું? હવે હા કેમ પડાય?

વર તો એમ ને એમ બેઠો જ છે. ટાઢ પડતી જાય છે. પછી તો વરને કોઈએ પૂછ્યું પણ નહિ. આ એમ કરતાં કરતાં સવાર પડવા આવી. હિમ પડ્યું. વર તો ત્યાં ને ત્યાં ઠીંગરાઈ જ ગયો!

સવાર પડી ને બધા જુએ ત્યાં તો કોળી ભાઈ હલે કે ચલે. ઉંહું ઉંહુંમાં બેસી રહ્યા તે ઠરીને શિંગડું થઈ ગયેલા!

## વાવડી ચસકી

પાસે પાસે ગામડાં હતાં.

એક ગામ કુંભારોનું અને બીજું ગામ વાળંદોનું.

કુંભારના ગામને પાદર વાવ ને વાળંદના ગામને પાદર કાંઈ નહિ.

વાળંદને બિચારાઓને પાણીની પીડા.

રોજ સામે ગામ પાણી સારુ જવું ને કુંભારનાં વેણ સાંભળવાં.

એક દિવસ ગામના બધા વાળંદો ભેગા થયા. જાણે કે ખૂબ ખિજાઈ ગયેલા હતા.

બધા મળી વિચાર કરવા લાગ્યા : "આ પાણીનું હવે શું કરવું? આ કુંભારનાં વેણ કેમ કરી સાંભળવાં?"

વાળંદ અદકપાંસળા ખરા ને! ડાહ્યા તો ખરા, પણ દોઢડાહ્યા પણ ખરા.

એક કહે : "આપણે એ વાવ જ લઈ આવીએ તો?"

બીજો કહે : "અરે! એવડી મોટી વાવ

તે કેમ લવાય?"

ત્રીજો કહે: "અરે, એ વાવડીના તે શા ભાર છે!"

ચોથો કહે: "ત્યારે કેમ કરશું?"

બધાં કહે: "ચાલો આપણે આજ રાતે ઊપડીએ. રાતબૂઢા ઉપાડી લાવીએ."

વાળંદ તો બધા ઊપડ્યા. છાનામાના ચાલતા ચાલતા વાવ પાસે આવી બેસી ગયા. મધરાત થઈને ઊભા થયા.

બધા કહે: "ઉપાડો હવે વાવડીને. દેજો બધા હાથ."

ઘણા હાથ દીધા પણ વાવડી ચસકી નહિ.

બધા કહે: "માળું, આ તો માર્યા! જો ક્યાંઈક ભોંઠા પડીએ નહિ!"

એક કહે: "અરે, એમાં મૂંઝાયા છો શું? ઉતારો આપણા માથાનાં મોળિયાં. ખચકાવીને બાંધો ટોડા સાથે. જુઓ પછી વાવડી ચસકે છે કે નહિ?"

સૌએ પોતપોતાનો ફેંટો વાવના ટોડા

રાતબૂઢા=રાત દરામયાન ખચકાવીને=ખેંચીને

સાથે બાંધ્યો. બધા બાંધી રહ્યા એટલે કહે : "ખેંચો, ખેંચો. હમ મારો બાપો; કરો જોર. ખેંચો, ખેંચો !"

તૂટી મરે એમ બધા ખેંચવા લાગ્યા, પણ વાવડી ચસકી નહિ. વળી વધારે ખેંચ્યું. ત્યાં તો 'ચરડ' બોલ્યું.

બધા કહે : "એલા વાવડી ચસકી ! એ એલા ચસકી ! ફિકર નહિ; ફિકર નહિ. ખેંચો ખેંચો, ખેંચો !"

એ તો ભાઈ એવા તો જોરથી ખેંચવા માંડ્યા કે ન કરો વાત.

પણ એવું તો ચરડ ચરડ થવા માંડ્યું કે બસ બસ !

ત્યાં તો ધબ દઈને બધા હેઠા પડ્યા તે કડુડુડુ ભૂસ !

"અરે ! આ શું થયું ? વાવડી ક્યાં ?"

શરીર ચંચવાળતા ચંચવાળતા જુએ ત્યાં તો વાવડી તો ત્યાંની ત્યાં હતી; માત્ર સૌના ફેંટા ફાટીને કટકા થઈ ગયેલા !

## ગદ્ધાપૂછ

એક હતો કણબી.

કણબીને એક છોકરો હતો.

છોકરો અક્કલનો ઓથમીર.

કણબી ગામનો પટેલ હતો. ઠીક ઠીક પૈસાદાર હતો. બેપાંચ જોડી બળદ હતા. દસ સાંતી જમીન હતી.

પણ કણબીને રોજ ચિંતા રહે. મનમાં થાય કે મારી પાછળ આ દીકરો શું ઉજાળશે? કણબી દીકરાને ઘણું ભણાવેગણાવે, પણ દીકરાને વિદ્યા ચડે નહિ.

એમ કરતાં બાપ માંદો પડ્યો. પટેલનો જીવ કેમે કરીને જાય નહિ.

ઓથમીર=ખાં

દીકરે પૂછ્યું : " બાપા ! તમારો જીવ શે જતો નથી ? સાચેસાચું કહો. જેમાં જીવ હોય તે કહો. તમારા કહેવા પ્રમાણે કરશું ને તમારી આમન્યા પાળશું. "

પટેલ કહે : " દીકરા ! ભણ્યો નહિ ગણ્યો નહિ, એટલે મને તારી બહુ ફિકર રહે છે. પાછળથી તું બધું કેવી રીતે ચાલાવીશ ? "

દીકરો કહે : " બાપા ! ફિકર કરો મા; એ તો બધું થઈ રહેશે. તો ય તમે કહેશો તે કરીશ. જે કહેવું હોય તે કહી નાખો. "

બાપ કહે : " બીજું બધું તો ઠીક; પણ એક વાત સંભારી રાખજે કે લીધી વાત ન મૂકવી. ગમે તેમ થાય પણ એક વાર જે વાત લીધી તે ન મૂકવી. "

દીકરો કહે : " બાપા ! એમાં શું ? હું તે લીધી વાત મૂકું ? જાઓ બાપા, સુખેથી જીવ ગતે કરો. "

દીકરે પાણી લઈને હેઠે મૂક્યું એટલે

આમન્યા=આજ્ઞા

ડોસાનો જીવ ગયો.

દીકરે તો વાત બરાબર મનમાં રાખી લીધી: "બસ, લીધી વાત મૂકવી નહિ!"

ચોમાસાનો દિવસ હતો ને દીકરો ખેતરે ગયેલો. ખેતરમાં જઈને જુએ તો ઢોર મોલ ચરી જતાં હતાં. દીકરો લાકડી લઈને ઢોર પાછળ દોડ્યો. કાદવવાળી જમીન હતી એથી દોડતાં દોડતાં પગ લપસ્યો, ને દીકરો ભોંય પર પડી ગયો. પાસે જ ગધેડું ઊભું હતું અને પૂછડું હલાવતું હતું; ચટપ દઈને પૂછડું પકડ્યું. પૂછડું પકડ્યું ને બાપાનો બોલ સાંભર્યો કે લીધી વાત ન મૂકવી. હવે પૂછડું કેમ મુકાય? એ તો પકડ્યું તે પકડ્યું!

ગધેડું તો પાછલા પગે પાટુ મારતું જાય ને દોડ્યું જાય. છોકરો ઢસરડાતો જાય, ઉઝરડા થતા જાય; પણ લીધું પૂછ કેમ મુકાય? પૂછડું ઊલટું કકડાવીને પકડી રાખ્યું.

ગધેડું ભાગતું ભાગતું ગામમાં આવ્યું. લોકોને તો તમાસો મળ્યો. ચારેકોરથી બધા

ભેગા થયા ને હસવા માંડ્યા.

બધા કહે: "એલા મૂકી દે, મૂકી દે; પૂછડું મૂકી દે!"

નોકરો કહે: "હું તે મૂકું? મૂકું તો મારા બાપનું વેણ જાય ના! મારો બાપ અવગતે જાય ના!"

છોકરો તો કેમે કરી માને નહિ, ને ગધેડાને છોડે નહિ.

લોકો કહે: "એ તો ભાઈ ગદ્ધાપૂછ છે. ચાલો આપણે જ પૂછડું છોડાવીએ."

લોકો પૂછડું ઘણું છોડાવે પણ છોકરો છોડે તો કે! ને ગધેડો તો ફૂદકેફૂદકા ને પાટેપાટાં મારે.

લોકોએ અંતે ગધેડાનું પૂછડું કાપી નાખ્યું.

પણ તો ય છોકરે પૂછડું ન મૂક્યું. લીધી વાત ન જ મૂકી!

# દાઢીના દોઢસો ને ચોટીના ચારસો

એક હતા વોરાજી. ઇસ્માઇલજી એનું નામ.

અડધી રાત થયેલી.

વોરાજી નાડાછોડ કરવા ઘર બહાર આવ્યા. ત્યાં જ ચોર ઊભેલો.

વોરાને દેખીને ચોરા પાસે આવ્યો અને ઝટ દઈને વોરાજીની દાઢી પકડી.

ચોર કહે: "મલાજી જો દોઢસો રૂપિયા આપશો તો દાઢી છૂટશે."

વોરાજી મનમાં કહે: "આ તો માર્યા! કાંઈક જુક્તિ કરીને છૂટીએ."

મોટેથી વોરાજી બોલ્યા: "સાંભળે છે કે? આ ચોર આવ્યો છે ને એણે મારી દાઢી પકડી

---

નાડાછોડ કરવી=પેશાબ કરવા જવું

છે, ને દોઢસો રૂપિયા માગે છે. આ તો દાઢીના દોઢસો છે, પણ ચોટીના તો ચારસો થશે. જો દાઢી મૂકી દઈને ચોટલી પકડશે તો પૂરા ચારસો આપવા પડશે. ચાલ જોઉં, ઝટ કર જોઉં ? પેલા પટારામાંથી દોઢસો રૂપિયા કાઢી લાવ.”

ચોર મનમાં કહે : “ ભલા, આ લાગ શું કામ જવા દઉં ? ચાલને દાઢી મૂકીને ચોટલી જ પકડું કે દોઢસોના ચારસો જ મળે ! ”

ચોરે હળવેક દઈને દાઢી મૂકી દીધી ને ચોટલી પકડવા હાથ લંબાવ્યો; પણ ત્યાં તો મલ્લાજીને માથે તાજો એવો મૂંડો ! ચોટલી બોટલીનું તો ઠેકાણું ન મળે ! હાથમાંથી દાઢી તો છૂટી ગયેલી ને ચોટલી કંઈ હાથ ન આવી. મલ્લાજી તો ઝટ દઈને ઠેકતા ને ઘરમાં પેસી ગયા ને બારણું બંધ કરીને સૂઈ રહ્યા.

ને ચોર ?

# દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય

મૂરખ હોય તે તો માર ખાય જ. ડાહ્યો હોય તે હાર ન જ ખાય. પણ જે નહિ મૂરખ ને નહિ જે ડાહ્યો, પરંતુ જે દોઢડાહ્યો હોય તે તો ત્રણ ઠેકાણેથી ખરડાય. માર ખાય, હાર ખાય ને હાંસી ય પામે.

એવો એક દોઢડાહ્યો હતો. બહુ ઝીણવટથી વિચાર કરે; બહુ ચોકસાઈ રાખે; બહુ બહુ ડહાપણ વધારે. માને કે હું ડહાપણનો દરિયો. કદી ભૂલથાપ ખાઉં જ નહિ. મારી આવડત બરાબર; મારી અક્કલ બરાબર!

એક વાર ભાઈ રસ્તેથી જતા હતા. અંધારું હતું. પગ ઠાવકાઈથી મૂકતા હતા; ડગલે ડગલે વિચાર કરીને મૂકતા હતા. સાપનો વિચાર

કરીને, વીંછીનો વિચાર કરીને, ખાડાનો વિચાર કરીને, પથરાનો વિચાર કરીને પગ મૂકતા હતા.

ત્યાં પગ કશાકમાં પડ્યો. મૂરખને ય ખબર પડે એવું હતું કે શામાં પડ્યો; ને ડાહ્યો હોય તેને તો ખબર પડે એમ હતું જ. પણ આ તો હતો દોઢડાહ્યો. તેણે તો બરાબર નક્કી જ કરવું જોઈએ કે શું કચરાયું, ખરેખર શું કચરાયું. પગથી પૂરી ખબર ન પડે માટે હાથથી તપાસ કરવી જોઈએ. હાથે બરાબર ન ખબર પડે તો પછી નાકે સૂંઘી જોવું જોઈએ. પૂરી તપાસ અને પૂરી ખાતરી કરીને જ નક્કી કરવું જોઈએ.

દોઢડાહ્યા ભાઈએ પહેલાં પગ ઊંચો કર્યો ને હાથેથી ચોટેલું લીધું. હાથની આંગળીએ ચોળીને ઝટ કરીને નાકે અડાડી સૂંઘ્યું.

અને એ શું હતું? વિષ્ટા જ તો!

“ છિ : છિ : છિ :! થૂ થૂ થૂ !” કરી દોઢડાહ્યો ખિજાયો.

પણ એ તો હતો દોઢડાહ્યો! દોઢ ડહા-

પણમાં ને દોઢ ડહાપણમાં પગે, હાથે ને નાકે ત્રણ ઠેકાણે ખરડાયો !

આનું નામ તે દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય. પછીથી કહેવત થઈ.

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... ,, ... ૨-૦૦
બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... ,, ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... ,, ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) ,, ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) ,, ... ૨૩-૫૦

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦
રખડુ ટોળી ... ૪-૫૦
ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... ,, ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ ,, ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦
ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦
પાતાળપ્રવેશ ... ૨-૫૦
ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... સેટના ૮-૦૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા ,, ૭-૫૦
કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) ... ,, ૭-૫૦
ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... ,, ૧૪-૫૦
સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) ... ... ,, ૭૦-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**

મુદ્રક, શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ